PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૬/ક્વા-03/૨૦૨૩-૨૪/ 3838-3 તારીખ : 02-12-2023

રજી. એડી. પત્ર

પ્રતિ,
મેં. શ્રીનાથ એન્ટરપ્રાઈઝ C/o શ્રી અંકીતભાઈ પટેલ
ગોલ્ડન નેસ્ટ, ન્યુ ૨૫૦ ફુટ રીંગરોડ, ગોંડલ રોડ પાસે, કાંગસિયાડી,
મું. પો. : કાંગસિયાડી, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૨૪
મોબાઈલ : ૯૮૭૯૬ ૧૩૬૩૬

વિષય : અંદાજપત્ર આપવામાં ખુબજ વિલંબ અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૧-૧૧-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૬/ક્વા-03/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પારડી.

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૬/ક્વા-૩/૨૩-૨૪ તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૧૬/ક્વા-૩/૨૩-૨૪, તા.૦૩-૧૧-૨૦૨૩

અરજદાર : શ્રીનાથ એન્ટરપ્રાઈઝ, ગામ: કાંગસીયાડી

રજૂઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનિધિ કેવલભાઈ કગથરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી,કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ

## :: કોરમ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૨.૧૧.૨૦૨૩ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨.૧૧.૨૦૨૩ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી અંકિતભાઈ પટેલ દ્વારા પારડી પેટાવિભાગીય કચેરી હેઠળ શ્રીનાથ એન્ટરપ્રાઈઝના નામથી તા.૩૦.૦૯.૨૦૨૩ ના રોજ ટેમ્પરરી કનેકશન મેળવવા માટેની અરજી કરેલ છે, જેના રજીસ્ટ્રેશન ચાર્જની રસીદ નં. R.W.705451 રજુ કરેલ છે. પરંતુ આજદિન સુધી તેઓને અંદાજપત્ર મળેલ ન હોવાથી તાત્કાલિક ધોરણે સદર અંદાજપત્ર મળે તેવી વ્યવસ્થા કરી આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં ૧૧૬૭૫ તા.૨૦.૧૧.૨૩ મુજબ મે. શ્રીનાથ એન્ટરપ્રાઈઝ C/O શ્રી અંકીતભાઈ પટેલ દ્વારા ગોલ્ડન નેસ્ટ, ન્યુ ૨૫૦ ફૂટ રીંગ રોડ પાસે, કાંગશીયાળી મુકામે ૫૦ કિલોવોટનું થ્રી ફેઇઝ ટેમ્પરરી વીજકનેક્શન લેવા પારડી પેટાવિભાગીય કચેરી હેઠળ તા. ૩૦.૦૯.૨૦૨૩ ના રોજ અરજી કરેલ હતી. સદર અરજીના અનુસંધાને

પારડી પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી સાઈટ સર્વેની કામગીરી કરતા સદર સ્થળ પર સોમનાથ એન્ટરપ્રાઈઝના નામનું ૨૫ કિલોવોટ કે જેના ગ્રાહક નંબર ૬૧૯૨૮/૦૫૬૭૧/૭ થી એક ટેમ્પરરી વીજ જોડાણ હયાત છે. પરંતુ અરજદારને વધારે વીજ લોડની જરૂરીયાત હોય અરજદાર દ્વારા ૨૫ કિલોવોટના વીજ જોડાણની અરજી રદ કરી ૫૦ કિલોવોટના વીજ જોડાણ લેવા માટેની અરજી અરજદાર દ્વારા કરવામાં આવેલ હતી.

૩.૧ ઉપરોક્ત બાબતે સાઈટ સર્વે કરતા હયાત ૨૫ કિલોવોટના વીજકનેક્શન રીલીઝ કરતા સમયે ઉભા કરાયેલ ટ્રાન્સફોર્મર પૈકીનો એક પોલ અન્યની પ્રીમાઈસીસમાં આવતો હોય સદર ટ્રાન્સફોર્મર ઉભું કર્યા બાદ વિવાદ ઉભો થયેલ હતો. જેથી અરજદારશ્રી શ્રીનાથ એન્ટરપ્રાઈઝની નવી અરજીના અનુસંધાને નવા ઉભા કરવાના થતા ટ્રાન્સફોર્મરની જગ્યા નિયત કરવા માટે સર્વેક્ષણમાં મોડું થયેલ હતુ. ત્યારબાદ ટ્રાન્સફોર્મર ઉભું કરવાની જગ્યા નિયત થયા બાદ સદર એપ્લીકેશન માટે ઈ-ઉર્જામાં એપ્રુવલ લેવા માટેની પ્રોસેસ કરતા માલુમ પડેલ કે, શ્રીનાથ એન્ટરપ્રાઈઝના એસ.આર. નંબર ૧૬૬૮૫૭૭૯ માં એપ્લીકેશન લેતી વખતે લોડ કેટેગરી થ્રી ફેઇઝના બદલે ભૂલથી સિંગલ ફેઇઝ લેવાયેલ હતી. જે સુધારવા માટે પારડી પેટાવિભાગીય કચેરી દ્વારા ટીકીટ નંબર PG૫૪૪૮૮૧ તા.૦૬.૧૧.૨૦૨૩ના રોજ મુકવામા આવેલ અને તા.૧૦.૧૧.૨૦૨૩ ના રોજ સદર ટીકીટ સોલ્વ કરવમાં આવેલ હતી. ત્યારબાદ પારડી પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૧૦.૧૧.૨૦૨૩ ના રોજ સદર ટેમ્પરરી વીજ કનેક્શનના એપ્રુવલ અંગેનો વર્કફ્લો લોન્ચ કરેલ હતો. જેની મંજુરી રકમ રૂપીયા ચાર લાખ કરતા વધારે હોય ડી.ઓ.પી. અનુસાર હાલ નિગમીત કચેરી, પીજીવીસીએલ રાજકોટમાં એપ્રુવલમાં પડેલ છે. જેની એપ્રુવલ આવ્યે સદર અરજદારને તુરંત અંદાજપત્ર પાઠવવામાં આવશે તથા તથા કનેક્શન રીલીઝ કરવા અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની મે. શ્રીનાથ એન્ટરપ્રાઈઝ C/O શ્રી અંકીતભાઈ પટેલ દ્વારા ગોલ્ડન નેસ્ટ, ન્યુ ૨૫૦ ફૂટ રીંગ રોડ પાસે, કાંગશીયાળી મુકામે ૫૦ કિલોવોટનું થ્રી ફેઇઝ ટેમ્પરરી વીજકનેક્શન લેવા પારડી પેટા વિભાગીય કચેરી હેઠળ તા. ૩૦.૦૯.૨૦૨૩ ના રોજ અરજી કરેલ હતી. સદર અરજી અન્વયે સમય મર્યાદામાં અંદાજપત્ર મળેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ અરજદારની સદર જગ્યામાં હયાત ૨૫ કિલોવોટના વીજકનેક્શન રીલીઝ કરતા સમયે ઉભા કરાયેલ ટ્રાન્સફોર્મર પૈકીનો એક પોલ અન્યની પ્રીમાઈસીસમાં આવતો હોય સદર ટ્રાન્સફોર્મર ઉભું કર્યા બાદ વિવાદ ઉભો થયેલ હતો. જેથી અરજદારશ્રી શ્રીનાથ એન્ટરપ્રાઈઝની નવી અરજીના અનુસંધાને નવા ઉભા કરવાના થતા ટ્રાન્સફોર્મરની જગ્યા નિયત કરવા માટે સર્વેક્ષણમાં મોડું થયેલ હતુ.

ત્યારબાદ સદર અરજી અન્વયે જરૂરી વહીવટી મંજુરી માટે એસ.આર.નં.૧૬૬૮૫૭૭૯ થી ઈ-ઉર્જા સીસ્ટમમાં બનાવેલ હતી પરંતુ તેમા સંલગ્ન પીજીવીસીએલ દ્વારા ભુલ ધ્યાને આવતા તા.૧૦.૧૧.૨૩ ના રોજ જરૂરી સુધારો કરવામાં આવેલ છે જે હાલ મંજુરી અર્થે પીજીવીસીએલની નિગમિત કચેરી ખાતે પડતર છે જે મંજુર થયે અંદાજપત્ર પાઠવવામાં આવશે સદર ભાવપત્રક ભરપાઈ થયે નિયમાધીન કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૪.3 નામદાર જીઈઆરસીના **Standard of Performance of Distribution Licensee Notification No. 10 of 2005, CHAPTER XII-TEMPORARY SUPPLY** ના ક્લોઝ નં. ૧૨.૧ અને ૧૨.૨ નીચે મુજબ નોધાયેલ છે:

"**12.1 The intending consumers may require temporary services for construction of residential houses, complexes, commercial complexes, industrial premises and for illumination during festivals, etc. Such temporary services shall be provided within the time schedule specified below;**

**(a) upto 10 kVA – 5 days**

**(b) upto 25 kVA – 10 days**

**(c) upto 50 kVA – 20 days**

**(d) Over and above 50 kVA – 30 days**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

**12.2 The above time limits are applicable after the receipt of demand note amount, compliances of necessary formalities and subject to the condition that distribution system exists and connection is technically feasible and it meets with safety requirements.**"

૪.૪ ઉપરોક્ત મુદા નં. ૪.૨ અને ૪.3 નો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારની નવા ટેમ્પરરી વીજજોડાણની અરજી અન્વયે ટ્રાન્સફોર્મની જગ્યા નિયત કરવામા અને વહીવટી મંજુરી માં જરૂરી પૂર્તતા કરવામાં વિલંબ ધ્યાને આવેલ છે જેથી અરજદારની અરજી અન્વયે અરજદારને દિવસ ૦૭ માં જરૂરી ભાવપત્રક આપવા અને સદર બાબતે થયેલ કામગીરીનો વિગતવાર રીપોર્ટ અત્રેના ફોરમને કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫